## પ્રવચન નં. ૧૩, સમયસાર, ગાથા-૩૨૦, (સ્થળ : પરમાગમ મંદિર)

'સમયસાર' ૩૨૦ ગાથા. હવે શિષ્ય પૂછે છે. એનો અર્થ એ છે કે જેને સાંભળવાની ગરજ છે એ પૂછે છે. સાંભળવા ખાતર સાંભળવા આવવું એ જુદી ચીજ છે અને પોતાના આત્મા માટે સાંભળવું એ વાત કહે છે.

**'હવે પૂછે છે કે – (જ્ઞાની કરતો-ભોગવતો નથી,...'** એમ અંતર જિજ્ઞાસા થઈ છે. એ ધર્મીની રીત શું છે ? એનો પ્રકાર શું છે ? એમ જાણવા જિજ્ઞાસા છે **'તેનો ઉત્તર દષ્ટાંતપૂર્વક કહે છે :–'** જેને આ સાંભળવાની જિજ્ઞાસા છે એને અહીંયાં ઉત્તર દેવામાં આવે છે. એવી શૈલી કરી છે.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंध-मोक्खं कम्मुदयं णिज्जरं चेव।। ३२० ।।**
**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

**'ટીકા :–...'** પહેલું દષ્ટાંત આપે છે. પૂછવાનું શું છે કે આત્મા આ બધું કરે છે, વેદવામાં આવે છે. આ બધું .. તમે કહો છો કે આત્મા કરે નહિ અને વેદે નહિ. પરને કરે નહિ અને રાગને વેદે નહિ. આ શું ચીજ ? આ શું એની આશ્ચર્યતા ? એનો સ્વભાવ આવો વિસ્મયકારી શું છે ? એમ શિષ્યને જાણવાની જિજ્ઞાસા થઈ છે. એને કહે છે.

**'જેવી રીતે આ જગતમાં...'** પહેલું જગત સિદ્ધ કર્યું. આ જગત છે. **'આ જગતમાં...'** અસ્તિ સિદ્ધ કરી, જગતની હયાતી સિદ્ધ કરી. એમાં **'નેત્ર દશ્ય પદાર્થથી અત્યંત...'** નેત્ર જે આંખ છે (એ) દેખવા યોગ્ય **'પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે...'** આંખ જેને દેખે છે એ દેખનાર પદાર્થથી આંખ તો અત્યંત ભિન્ન છે.

**'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** સિદ્ધાંત આમ કહ્યો. આંખ દરેક પદાર્થથી અત્યંત ભિન્ન છે, દરેક પદાર્થથી આંખ ભિન્ન છે. એ આંખ ભિન્નને કરે અને વેદે કેમ ? પોતામાં હોય તેને કરે અને વેદે. પણ પરને કરે અને વેદે (કઈ રીતે ?) એ તો અત્યંત ભિન્ન છે. જેને આંખ અડતી પણ નથી. એને કરે–ભોગવે એ કેમ બને ? તે **'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આંખ જગતની ચીજને દેખે છતાં આંખથી જગતની ચીજ કાંઈ કરાય નહિ. તેમ ભોગવાય નહિ.

એ **'દશ્ય પદાર્થને કરતું નથી...'** એ દેખવાયોગ્ય પદાર્થને આંખ કરતું **'અને વેદતું**

**નથી.**' આહા..હા..! ગાથા છે... **'જો એમ ન હોય તો...'** આંખ જો કરે અને વેદે તો. કરતું, વેદતું ભિન્નથી ભિન્ન પદાર્થને લઈને નથી. અને કરતું-ભોગવતું હોય તો **'અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક,...'** અગ્નિ સળગાવનાર, અગ્નિ ચેતાવનાર અગ્નિ ચેતે છે. એનાથી અગ્નિ ચેતાય છે. એમ **'પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું...'** આંખને સળગાવવાપણું આવે. જેમ સંધૂકણ અગ્નિને સળગાવે છે. એમ આંખને પરથી ભિન્ન છે છતાં એને કરે અને વેદે તો સળગાવાપણું આવે. તો આંખને સળગાવાપણું (આવે). આંખ આમ પડે ત્યાં બીજું સળગવું જોઈએ. આંખને સળગાવવાપણું આવે.

**'અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખ ભિન્ન ચીજને દેખવા માત્રથી એને ભોગવે તો લોઢાનો ગોળો જેમ અગ્નિમાં ઉષ્ણ થઈ જાય છે એમ આંખ પણ અગ્નિમાં અગ્નિમય થઈ જાય. આહા..હા..! **'અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખને ભિન્ન ચીજને અનુભવવાનો ભાવ આવી જાય. **'(અર્થાત્ જો નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય...'** આંખ છે એ બીજી ચીજને... આહા..હા..! કોઈપણ ચીજને કરતું અને વેદતું હોય **'તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...'** આંખ વડે અગ્નિ (સળગવી જોઈએ). સંધૂકણ જેમ કરે છે એમ આંખ આમ કરે ત્યાં અગ્નિ થવી જોઈએ. જો અગ્નિ અને એ ભિન્ન પદાર્થ એને આવો સંબંધ હોય તો આંખ આમ થાય ત્યાં સળગવું જોઈએ. આહા..હા..!

**'જો એમ નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ.'** આંખ વડે કરીને અગ્નિ થવી જોઈએ. જેમ ઓલો સંધૂકણ અગ્નિને સળગાવે છે એમ આંખ પડે જ્યાં ત્યાં સળગવું જોઈએ. આહા..હા..! **'અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...'** આંખ છે એ અગ્નિને દેખે છે પણ અગ્નિને અનુભવ નથી. જો એમાં એકાકાર થાય તો અનુભવ થાય. એ તો ભિન્ન ચીજ છે. આંખ અને જે ચીજ અગ્નિ છે એ તો ભિન્ન છે. ભિન્નને અગ્નિ કરે પણ નહિ અને ભિન્નને અગ્નિ વેદે પણ નહિ. આ તો હજી દૃષ્ટાંત છે. આહા..હા..!

**'પરંતુ એમ તો થતું નથી,...'** આંખથી સળગતું નથી અને આંખ પરને વેદતું નથી. **'નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)...'** આંખ છે તે દેખવાયોગ્ય પદાર્થને... દેખવા યોગ્ય એટલો સંબંધ ખરો. પણ એ ઉપરાંત એને સળગાવે કે બાળે તો તો પોતે અગ્નિમય થઈ જાય. આંખ અગ્નિમય થઈને બળી જાય. અને આમ આંખ પડે ત્યાં અગ્નિ થવી જોઈએ. આહા..હા..! **'પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દષ્ય પદાર્થને કરતું-વેદતું નથી)'** આંખ દેખવાયોગ્ય પદાર્થને, દેખવાયોગ્ય પદાર્થનો સંબંધ રાખ્યો. પણ એ ઉપરાંત તેને સળગાવે અને બાળે એમ થઈ શકે નહિ.

**'પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી...'** આંખ તો કેવળ (જોવાના) સંબંધવાળું

હોવાથી. આહા..હા..! **'તે સર્વને કેવળ દેખે જ છે;...'** એમ આત્મા પણ... આહા..હા..! **'પોતે નેત્રની માફક દેખનાર હોવાથી,...'** દેખનાર છે. વ્યવહારથી પરને દેખનાર છે. આંખ જેમ પરને દેખે છે એમ આત્મા પરને દેખે ખરો. જે કાળે જે ચીજ છે તે કાળે તે આંખ દેખે તેમ આત્મા પણ તેને દેખે ખરો. આહા..હા..! દેખવા ઉપરાંત કરવું અને વેદવું એનામાં હોતું નથી. દેખવાનો સંબંધ છે એ એક વાત તો લીધી. આંખે દેખે છે એ અગ્નિને કરતી નથી. એમ આત્મા દેખે છે એવું તો છે. દેખતો નથી એમ નથી. આહા..હા..!

આત્મા એટલે જ્ઞાન પણ **'પોતે નેત્રની માફક દેખનાર હોવાથી,...'** એટલું લીધું. જ્ઞાન પરને દેખે છે એટલું લીધું. જો કે પરને દેખે છે એ હજી વ્યવહાર છે. છતાં એટલો સંબંધ લીધો. તો જેમ પરને દેખે છે એવો વ્યવહાર છે તો પરને કરે એવો પણ વ્યવહાર હોવો જોઈએ. આહા..હા..! એમ નથી. આહા..હા..! આંખે દેખવાનો સંબંધ છે. તેથી કાંઈ આંખ બીજાને સળગાવે કે બીજાને વેદે (એમ નથી). એમ આત્માને દેખવાનો સંબંધ છે... આહા..હા..! આટલું તો લીધું.

**'દેખનાર હોવાથી,...'** આહા..હા..! **'નેત્રની માફક દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** જેમ અગ્નિ પરપદાર્થથી ભિન્ન છે, એને દેખે છતાં તેનાથી સળગે અને બળે નહિ. એમ આત્મા કર્મને દેખે ખરો. આહા..હા..! **'કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** એકલું ભિન્ન ન લીધું. પ્રભુ ! ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન પરપદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે. દેખનાર હોવા છતાં. આટલી વાત છે. ઓલામાં આવ્યું હતું. એક જ્યારે પોતે કરે છે તો પછી ભેગું પરનું પણ કરે. કરે છે ને ? પોતાનું કર્યા વિના રહે છે ? એ આવી ગયું હતું. કરે છે તોપણ પરને તો કરતું-ભોગવતું નથી. પોતાના પરિણામને ભલે કરે અને ભોગવે. આહા..હા..! અહીં નિર્મળ પરિણામને કરે અને ભોગવે એની વાત છે. મલિનની વાત નથી.

આત્મા નેત્રની માફક પરની સાથે દેખવાના સંબંધમાત્રથી પરને દેખે માટે પરનું કાંઈ કરે, પરનું દેખવું એવો તો એનો સંબંધ છે. પણ દેખવું સંબંધ છે માટે કાંઈ કરે (એમ બિલકુલ નથી). આહા..હા..! હાથને હલાવે, પગને હલાવે, આંખને હલાવે, બોલે. જે ચીજ છે એને દેખે છે. પણ દેખવા છતાં જે ચીજ દેખે તે જ દેખે બરાબર. તેના પરિણામમાં તે જ દેખવાનું બરાબર આવે. એવું હોવા છતાં... આહા..હા..! તે દેખનાર હોવા છતાં **'કર્મને કરતું નથી...'** આહા..હા..! રાગાદિ, કર્મ આદિને કરતો નથી. એને કરતું નથી કીધું, કેમ કરતો નથી એમ ન કહ્યું. જ્ઞાન કહ્યું ખરું ને ? જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન આમ દેખવાનો, જાણવાનો સંબંધ એટલો કહીએ છીએ. છતાં દેખવામાત્ર ઉપરાંત એને કરવા અને ભોગવવાનું **'કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આહા..હા..! જીવ જ્ઞાનસ્વરૂપ હોવાથી તેને કર્મનો ઉદય થાય એને દેખે. દેખવાના સંબંધમાત્રથી

કર્મના ઉદયને વેદે કે કરે એવું નથી. આહા..હા..! હજી તો ચાર બોલ લેશે.

**'કર્મને કરતું નથી અને વેદતું નથી,...'** આહા..હા..! પરને જાણવા-દેખવાનો સંબંધ હોવા છતાં પરને કરતું અને વેદતું બિલકુલ નથી. આહા..હા..! આ બધો આખી દિ' ધંધો-વેપાર ધમાલ ચાલે છે ને ? દુકાન ઉપર બેઠો. કહે છે કે આત્માને અને એને દેખવામાત્રનો સંબંધ છે. દેખવા ઉપરાંત એને કરવા અને વેદવાનો બિલકુલ સ્વભાવ નથી. આહા..હા..! આંખ જેમ અગ્નિને કાંઈ કરતું નથી એમ ભગવાન આત્મા કર્મ અને કર્મથી મળેલી ચીજો એ કોઈ ચીજને કર્મને કરતું-ભોગવતું નથી તો પરની તો વાત શું કરવી ? આહા..હા..! કરતું અને ભોગવતું-વેદતું નથી.

**'પરંતુ કેવળ** જ્ઞાનસ્વભાવપણું **(જ્ઞાનમાત્રસ્વભાવવાળું...)'** આહા..હા..! કેવળ જ્ઞાનસ્વભાવપણું **'જાણવાના સ્વભાવવાળું હોવાથી...'** ભગવાન તો જાણવાના સ્વભાવવાળો છે, બસ. આખી દુનિયાને દેખે. આહા..હા..! વિષયવાસના કાળે સંયોગને દેખે. આહા..હા..! છતાં તે વિષયવાસનાને કરતું નથી અને સામી ચીજને જે ભોગવે છે એમ દેખાય છે એને એ આત્મા કરતો નથી. આહા..હા..! **'કેવળ જ્ઞાનસ્વભાવ...'** એકાંત નહિ કીધું ? કેવળ જ્ઞાન લીધું. એકલો જ્ઞાનસ્વભાવ. કથંચિત્ જ્ઞાનસ્વભાવ અને કથંચિત્ કર્તાપણું, રાગનું કર્તાપણું, અરે..! બંધને, મોક્ષને કર્તાપણું કથંચિત્. તો અનેકાંત કહેવાય એમ નથી. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવવાળો હોવાથી જાણવાનું કામ કરે. **'જાણવાના સ્વભાવવાળું હોવાથી...'** જાણવાનું કામ કરે. આહા..હા..! પણ તે બંધને કરતું નથી. રાગને, બંધને કરતું નથી. તેમ રાગને તે જ્ઞાન વેદતું નથી. બંધને જ્ઞાન જાણે. જાણવાનો સ્વભાવ હોવાથી જાણે એટલું કહીએ. પણ તે રાગને કરે અને વેદે એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! પરનું કરવું તો ક્યાંય રહી ગયું. ઝવેરાતનું... આહા..હા..! હીરા, માણેક, ઝવેરાત, કપડા. એ એક રજકણ માત્રને દેખે... રજકણથી માંડીને આખી દુનિયાને. પણ એક રજકણને કરે કે રાગને કરે અને વેદે (એવું નથી). જાણવાના સંબંધમાત્રથી કરવા અને વેદવાનો સંબંધ થઈ જાય એને જાણે. પણ કરે નહિ. બંધ થાય. પરજ્ઞેય તરીકે બંધને જાણે. બંધને કરે નહિ. આહા..હા..! આખા જ્ઞાનાવરણી કર્મથી જ્ઞાન રોકાય, 'ગોમ્મટસાર'માં તો બધે એ આવે. આઠ કર્મથી આમ થાય અને આઠ કર્મથી આમ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. આહા..હા..!

અહીં તો કેવળ જ્ઞાનસ્વભાવ **'કેવળ જ્ઞાનમાત્ર...'** જ્ઞાનમાત્ર કહેતાં જ્ઞાન એકલું નહિ. જ્ઞાનમાત્ર કહેતાં બીજા અવિનાભાવી ગુણો છે. પણ જ્ઞાનમાત્ર કહેતાં રાગને અને પરને કરે નહિ એ માટે માત્ર કીધું છે. આહા..હા..! એ બોલે નહિ, હાલે નહિ... આહા..હા..! બીજાને શિખામણ દે નહિ, બીજાથી શિખામણ લે નહિ. જુઓ ! અહીં તો એ આવ્યું. કાલે બપોરે તો એ આવ્યું હતું, ગુરુના વચનોને પામીને. એ તો ફક્ત સુદૃષ્ટિનો ઉપદેશ આપ્યો એ એણે લઈ લીધો. સુદૃષ્ટિને કરી લીધી. એટલી વાત કહેવા સાટુ કહી.

અહીં તો કહે છે, **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને...'** જાણતો નથી... કરતો નથી. જાણે છે. શાસ્ત્રમાં આવે કે ચોથે ગુણસ્થાને આટલી પ્રકૃતિ હોય, સત્તા હોય, આટલો ઉદય હોય, આટલું વેદન. અંદર વેદવાયોગ્ય એટલે અનુભાગ હોય. પણ એ જાણે. આહા..હા..! ચોથે ગુણસ્થાને આઠ પ્રકૃતિમાંથી કર્મની આટલી પ્રકૃતિ હોય. આટલી છૂટે, આટલી બંધાય, આટલી સત્તામાં રહે, આટલી ઉદીરણા થાય, આટલો ઉદય આવે. એ વાત બધી આવે. પણ એને જાણે. આહા..હા..! અરે..! નજીકની ચીજ કર્મ છે એના ઉદયને પણ જાણે તો પરચીજને કરે અને આ કરવું (એ તો ક્યાંય રહી ગયું). આહા..હા..! આત્મા ચાલે, આત્મા બોલે, આત્મા પરને કટકા કરે, પરના ભૂક્કા કરે, મદદ કરે, પરથી મદદ લે, એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..!

એ **'બંધને તથા મોક્ષને,...'** આહા..હા..! જ્ઞાન તો મોક્ષને પણ કરતું નથી. આહા..હા..! ઘણી વાત ઊંચી છે. ૩૨૦ ગાથા. બંધને કરે અને મોક્ષને કરે એ પણ નહિ. બંધને ભલે ન કરે. પણ મોક્ષને કરે ને ? મોક્ષ (તો) પૂર્ણદશા (છે). કહે (છે), ના. તે કાળે તે પર્યાય થાય જ. એને કરે શું ? કરે તો ન હોય એને કરે, જેની સ્થિતિ ન હોય તેને કરે એને કરે કહેવાય. પણ જાણનાર જ્ઞાનીને મોક્ષની પર્યાય છે એમ જાણે, બસ. છે એને જાણે. આહા..હા..! મોક્ષની પર્યાયને પણ કરે નહિ. કેમકે એનામાં એક ભાવ નામનો ગુણ છે કે જે ગુણને લઈને દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર પડી અને દ્રવ્યનો સ્વીકાર થયો ત્યાં જે બંધનો રાગ આદિ છે... આહા..હા..! એને એ કરતું નથી. આહા..હા..! તે ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય એને એ કરતો નથી. આહા..હા..! છેલ્લી હદ છે. જ્ઞાનસ્વભાવ જ્ઞાનસ્વભાવ. બહુ જ તાણીને તું કહે તો એ જાણે, દેખે એમ એને કહીએ છીએ. ખરેખર તો જાણવું-દેખવું એ પરનો વ્યવહાર છે. આહા..હા..!

મુમુક્ષુ :– જાણતો નથી તે વ્યવહાર છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પરને જાણે છે એ પણ વ્યવહાર. કરે અને વેદવાની તો વાત જ નહિ. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય. આહા..હા..! પણ કહે છે કે તું બહુ લઈ જા તો દેખે, જાણે એટલે સુધી રાખ. આહા..હા..! આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ મોક્ષને કરે એ પણ નહિ. આહા..હા..! પુરુષાર્થ ક્યાં ગયો ત્યાં ? કહે છે કે એ જાણે એ જ એનો પુરુષાર્થ છે. જાણે કે આ મોક્ષ થયો. તે વખતે, તે કાળે, તે જ પર્યાય શુભભાવને લઈને... શુભભાવનો સ્વભાવ છે, શુભ, અશુભ આદિ છે ને ? કે એને લઈને પર્યાય એ થાય જ. કરું તો થાય, વિકલ્પ કરું તો થાય, .. કરું તો થાય. આહા..હા..! એવું સ્વરૂપમાં નથી. આહા..હા..!

એ બંધને કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી. આહા..હા..! કેમકે મોક્ષની પર્યાય તે કાળે તે થવાની જ છે. થવાની છે એને કરે. થવાની છે, થાય છે... થાય છે... થાય

છે... તેને કરે છે એટલે શું ? આહા..હા..! આહા..હા..! જ્ઞાન પ્રભુ ! પર્યાય થાય છે અથવા છે. છે તેને કરવું શું ? મોક્ષની પર્યાય છે. જાણનારને તે મોક્ષની પર્યાય ત્યાં છે. છે તેને કરવું શું ? આહા..હા..! સત્ સત્‌ને કરવું શું ? તો છે એ નથી થાય એમ થઈ જાય. મોક્ષની પર્યાય પણ તે કાળે થાય. એ જ એનો સ્વભાવ છે. દ્રવ્યદૃષ્ટિ થઈ એથી તેના અંતરમાં, ગુણમાં એવો એક શુભ(ભાવ) નામનો ગુણ છે. એટલે તે પર્યાય થાય જ. ભાવ નામનો ગુણ છે કે એ મોક્ષની પર્યાય તે કાળે થાય જ. આહા..હા..! શુદ્ધ. એ ભાવ નામના ગુણને લઈને આખી દ્રવ્યદૃષ્ટિ થઈ છે. આવું ઝીણું છે. તે તે કાળે તે પર્યાય થાય જ છે અથવા છે અથવા સત્ છે. સત્ છે. આહા..હા..! સત્ છે. સત્‌ને કરે ? આહા..હા..! આવી વાત છે. અત્યારે તો લોકો ક્યાંય બહારમાં માનીને, મનાવીને (બેઠા છે).

જ્ઞાતા તરીકે જાણે છે એટલું ભલે કહીએ. ઉદયને જાણે છે એટલું કહીએ. એ સિવાય બીજો તો કોઈ છે જ નહિ. અહીંયાં સુધી આવ્યું કે ઉદયને જાણે છે, બસ. એટલી જ્ઞાનની વાતને સિદ્ધ કરી. જાણનાર આત્મા છે એ અપેક્ષાએ. આહા..હા..! ઉદયને અને નિર્જરાને... આહા..હા..! નિર્જરાને આત્મા કરતો નથી. કેમ ? કે એ સમયે અશુદ્ધતા ટળે છે, શુદ્ધતા વધે છે, કર્મ ખરે છે, એ નિર્જરાના ત્રણ પ્રકાર છે. કર્મ ખરવું એક બાહ્ય પ્રકાર, અશુદ્ધતાનું ગળવું એક પ્રકાર અને શુદ્ધનું વધવું એક પ્રકાર. એ જ સમયે કહે છે, એ ત્રણે છે. તે એક સમયમાં ત્રણે છે. છે એને કરે શું ? આહા..હા..! ઝીણી વાત છે. આહા..હા..!

એ સોનાને કે હીરાને ઘસે. કહે છે કે તે પર્યાય તો ત્યાં છે. હવે છે એને એ કરે એનો અર્થ શું ? નથી તેને કરે એમ હોય. પણ તે પર્યાય ત્યાં છે. આહા..હા..! સત્ નિર્જરાપણે પર્યાય છે. અહીં શુદ્ધતાની વૃદ્ધિ એ નિર્જરા. અશુદ્ધતાનું ગળવું એ પણ નિર્જરા અને કર્મનું (ખરવું એ પણ) નિર્જરા (છે). પણ ખરું તો શુદ્ધતાનું વધવું (એ નિર્જરા છે). અહીંયાં એ કહે છે કે શુદ્ધતાનું વધવું એ પણ તે કાળે છે. આહા..હા..! નિર્જરાના પ્રકાર ત્રણ. એમાં ખરું તો શુદ્ધતાનું વધવું એ નિર્જરા (છે). અશુદ્ધતાનું ગળવું એ તો વ્યવહારનયથી અને કર્મનું ટળવું એ તો અસદ્‌ભુત વ્યવહારનયથી. આહા..હા..! પણ અહીં તો શુદ્ધતાનું વધવું તે પણ તે સમયે તે છે. વધવું તે છે. આહા..હા..! શુદ્ધ ઉપયોગથી ત્યાં વધે છે તે સમયે છે. છે એને કરવું શું ? આહા..હા..!

મુમુક્ષુ :– ઊપજે છે એ પણ ન લેવું જોઈએ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઊપજે છે એને પણ કરતું નથી. એ વાત તો આવી. એ વાત તો સિદ્ધ કરી. કે ઊપજે છે ને ? એ ઊપજે છે ને ? છે એને ઊપજે છે કરવું ? ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..! જે મોક્ષ ઊપજે છે, અરે..! નિર્જરા પણ ઊપજે છે. આહા..હા..! ઊપજે છે એની હયાતી તો છે. હયાતી છે એને કરવું છે ? ઝીણી વાત છે. આહા..હા..! નિર્જરાને..

ભાષા પાછી કેવી છે ? **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી...'**

એ ત્યાં લીધું. અહીં લીધું **'કેવળ જાણે જ છે.'** છેલ્લું. **'કેવળ જાણે જ છે.'** એ નિર્જરાને પણ કરે છે. થાય છે ત્યાં કરે છે, એ શી રીતે ? મોક્ષ પણ થાય છે. તે સમયે સત્ છે. તે પણે તે ક્રમબદ્ધમાં (છે). આ બધું ક્રમબદ્ધથી ઉપાડ્યું છે ને ? મોક્ષની પર્યાય ક્રમસરના કાળે થાય છે એને કરવું શું ? નિર્જરાને કાળે નિર્જરા શુદ્ધિની વધે છે એને કરવું શું ? આહા..હા..! આવી વાત છે. એને ઠેકાણે અહીં તો કહે, પરનું કરવું, પરને સહાય કરું, મદદ કરું. બધાને સંપ રાખવા માટે એકબીજાની મદદ કરો તો સંપથી રહી શકાય. આહા..હા..! એ લોકોને આમ બહારથી મીઠું લાગે. ઓશિયાળાની દૃષ્ટિ ખરીને ? આહા..હા..! અહીં કહે છે એ તો દૃષ્ટિ વિરૂદ્ધ છે.

અહીં તો સત્ છે. જેમ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સત્ છે, જેમ ત્રિકાળી આત્મા સત્ છે, એને શું કરવું ? એમ તે તે પર્યાય તે કાળે તે સત્ જ છે. આહા..હા..! બેય સત્ છે. અહીં વસ્તુ ત્રિકાળીપણે સત્ છે, નિર્જરા અને મોક્ષ એ પણ તે કાળના સમયપણે તે સત્ છે. છે એને કરવું શું ? આહા..હા..! ગજબ વાત કરી છે ને ! સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને ! અને તે પણ તેને જાણવાની પર્યાય પણ ખરેખર નિર્જરાને, મોક્ષને જાણે છે એમ કહ્યું, કરે છે એમ ન કહ્યું, પણ છતાં નિર્જરા અને મોક્ષને કાળે એ જ્ઞાનની પર્યાય પણ તે પ્રકારે ત્યાં થવાની જ છે. મોક્ષને, નિર્જરાને જાણે એવી જ પર્યાય તે કાળે થવાની જ છે. આહા..હા..! જરીક ઝીણું છે.

મુમુક્ષુ :– ઝીણું આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝીણું આવ્યું. આહા..હા..!

નિર્જરા અને મોક્ષની પર્યાય તો છે. છે તેને ભલે જાણે એમ કહેવું. પણ જાણવાની પર્યાય પણ તે કાળે છે. આહા..હા..! છતાં એટલું કહે કે પરને જાણે છે, એટલું કહો. એ પરને જાણે છે એ રીતે જ છે. એ જ્ઞાનની પર્યાય જે સર્વવિશુદ્ધજ્ઞાન છે એ પરને જાણે છે એ રીતે જ એ છે. એ પર છે માટે પરને જાણે છે, એમ પણ નહિ. આહા..હા..! આવો માર્ગ છે. સત્‌ને સત્ તરીકે સિદ્ધ કરે છે. છે, સત્ છે. આહા..હા..! તેટલું કહીએ છીએ કે જાણે છે. પણ જાણે છે એ પણ પર્યાય સત્ છે. આહા..હા..! તે જ પ્રકારે તે જ સમયે તેને જાણવું એવી પર્યાય તે છે તેને જાણે માટે તે પર્યાયે તેને જાણે છે (એમ કહેવું) એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ જાણવાની પર્યાય પણ તે કાળે ક્રમસરમાં તેને જાણે એવું પોતે પોતાની પર્યાયપણે છે. આહા..હા..! ઝીણું બહુ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ભાવ સત્ય આવ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચારે બોલ લીધા. બાકી શું રાખ્યું ? બંધ અને મોક્ષ. આહા..હા..! દ્રવ્યબંધથી ભાવબંધ તો ભિન્ન છે પણ ભાવબંધને પણ તે જ પ્રકારે તે ત્યાં જાણે છે. રાગ બંધાય છે, રાગ થાય છે. તે તે કાળે તે થાય છે. તેને તે તે કાળે જાણવાનું કામ

તે જ્ઞાનની પર્યાય તે કાળે પોતાથી કરે છે. આહા..હા..! એ રાગ ને બંધ છે.

સર્વ ગુણોને, અનંતી પર્યાયને, મોક્ષ, નિર્જરા, ઉદય આદિને તે સમયમાં તે જ્ઞાનની પર્યાય તેને તે રીતે જાણે એ રીતે પોતે ઉત્પન્ન થાય છે. એ રીતે પોતે પોતાથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આહા..હા..! હવે અહીંયાં બહારના માણસોને અટકવું. આને કરવું, આને.. એક ઠેકાણે સાંભળ્યું હતું. 'ઈંદોર'માં પચાસ પંડિત ભેગા થયા હતા. એ વખતે અહીંના વિરૂદ્ધની ચર્ચા મૂકી કે પરનું કર્તા ન માને તે દિગંબર જૈન નથી. આહા..હા..! અરે..! પ્રભુ ! શું કરે છે તું ? આહા..હા..! કર્તા તો નહિ પણ ખરેખર તો એનો જાણનાર પણ નહિ. જાણનાર જાણનારને જાણતા, જાણનારને જાણનારને જાણતાની પર્યાય સત્ ઉત્પન્ન થાય છે. પણ અહીં એટલો વ્યવહાર સિદ્ધ કરવો છે કે મોક્ષને અને નિર્જરાને જાણે છે. જાણવાની પર્યાય અને મોક્ષ ને બંધની પર્યાય, નિર્જરાની (પર્યાય) એ ભિન્ન છે. અનંતી પર્યાય એક સમયે થાય છે. અનંતા ગુણની અનંતી પર્યાય અક્રમે, અક્રમે એકસાથે થાય છે. આહા..હા..! તે નિર્જરાની પર્યાયને અને મોક્ષની પર્યાયને પણ તે જ સમયની પર્યાય થાય છે, તે જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! થોડું ઝીણું તો છે. ૩૨૦. આને વળી ઉતારવું હતું ને ?

મુમુક્ષુ :– ... કર્તાપણું તો ખરું જાણવાનું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણવું એ જાણવું એ પણ કરવું, જાણવુંને કરવું, જાણવાનું કરું એ નથી. એ જાણવાની પર્યાય પણ તે કાળે સત્ તરીકે છે અને થાય છે. આહા..હા..! આવું છે. અને એમાંથી આખી દુનિયામાં હું કરું... હું કરું... આખો દિ' આ ધંધા મેં કર્યા, આનું મેં કર્યું, આનું મેં કર્યું, મેં આને સાચવ્યા, છોકરાને મોટા કર્યા, પાળી-પોષીને ભણાવીને. બધું ગપ છે, આ તો કહે છે. આહા..હા..!

જ્યાં પોતાની નિર્જરા અને મોક્ષની પર્યાય... આહા..હા..! એને પણ જાણવાનું કામ, કરવાનું નહિ જાણવાનું કામ કરે... આહા..હા..! એ પરનો લાડવો વાળી શકે એ તો છે જ નહિ. આહા..હા..! એમ સિદ્ધ કરવું છે કે તે સમયે તેનું સત્ છે એ પ્રકારે થાય છે. સત્ છે એમાં તારા હેતુની એને શું જરૂર છે ? એટલું રાખ કે તું જ્ઞાન છો અને એ જ્ઞાન નથી. એટલે જાણવાનું કામ કરે. આહા..હા..! આવો માર્ગ. ક્યાં લઈ જવો એને ?

અહીં તો કહે, એકેન્દ્રિયની દયા પાળો, બેઇન્દ્રિયની દયા પાળો, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિયની, પંચેન્દ્રિયની. આહા..હા..! હિંસા ન કરો. એ બધા વ્યવહારના વચનો છે. આહા..હા..! તે વખતે હિંસા થવાની નથી. આહા..હા..! તેને જ્ઞાન જાણે છે. આહા..હા..! તે જ્ઞાન પણ હિંસા થવાની નથી એ અપેક્ષા રાખીને જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ પણ નથી. અનંતી પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે, એમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી. આહા..હા..! આવું એનું સત્ સ્વરૂપ છે. ૩૨૦ ગાથા. આહા..હા...! ભાઈએ મૂક્યું છે ને ? 'જયસેનાચાર્ય'ની

ટીકામાં કે, ભાઈ ! 'યોગીન્દ્રદેવે' પણ એમ કહ્યું છે કે, આત્મા બંધ અને મોક્ષને કરે નહિ. એ ગાથા મૂકી છે ને ? છે ને ? આમાં છે કે નહિ ? આમાં નહિ હોય. એ પાનું છે. છે ? હમણાં શું કીધું હતું ?

મુમુક્ષુ :– 'યોગીન્દ્રદેવ'ની ગાથા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. છેલ્લે છે. આ બાજુ. 'શ્રી યોગીન્દ્રદેવે' પણ કહ્યું છે કે...

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खुकरेइ।**
**जिउ परमत्थें जोइया जिणवरु एउँ भणेइ ॥68॥**

જિનવર ત્રણલોકના નાથ જિનેશ્વર એમ કહે છે. બીજી ભાષા શું કહેવાય ? કહે છે એમ કહેવું. વાણી વાણીને કારણે આવે છે. પણ એ વાણીનું નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. વાણી છે એ ત્યાં ભૂતાર્થ એ સમયની તેની પર્યાય છે. લાયકાતથી તે વાણી આવે છે. ભગવાન છે માટે આવે છે એમ પણ નથી. આહા..હા..! પણ ભાષા શું કહેવાય ? મોટાનું નામ દેવું હોય ત્યારે (એમ કહેવાય). **जिणवरु एउँ भणेइ** હે યોગી ! યોગી એટલે યોગને આત્મામાં જોડનાર. આહા..હા..! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી. પરમાર્થે જીવ નિર્જરા અને મોક્ષપણે પણ ઊપજતો નથી. અને મરતો પણ નથી. આહા..હા..! અને બંધ મોક્ષ કરતો નથી એમ શ્રી જિનવર કહે છે. દાખલો જિનવરનો આપ્યો. જિનવર આમ કહે છે. બંધ અને મોક્ષ કરતો નથી એમ જિનવર કહે છે. આહા..હા..!

એનો અર્થ એ થયો કે આત્મા જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું (એટલે) બધું છૂટી ગયું. બસ. પછી જે છે એ જાણે. એ નિર્જરાને જાણે, મોક્ષને જાણે, સાધક વખતે નિર્જરાને જાણે, સાધ્ય વખતે મોક્ષને જાણે. આહા..હા..! તે જાણવાની પર્યાય પણ તેવી જ પોતે તે કાળે તે પ્રકારની પોતાથી ઊપજે છે. આહા..હા..! જાણવાની પર્યાય પણ બંધ અને મોક્ષ અને નિર્જરાને, ઉદયને જિનવર કહે છે કે એ આત્મા કરતો નથી. જાણે જ છે. એ જાણે છે એ પર્યાય પણ જ્ઞાનની તે કાળે તે જ પ્રકારે પોતાની ઉત્પન્ન થવાનો કાળ હતો તે થઈ છે. આહા..હા..! જરી આકરું કામ છે.

... એ ભાવના એટલે જ્ઞાનની પર્યાય આદિ શ્રદ્ધાની પર્યાય, ચારિત્રની પર્યાય જે ભાવનારૂપ પ્રગટ થઈ તે આંશિક શુદ્ધિરૂપ પરિણતિ છે. તે નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી. એ ક્ષયોપશમજ્ઞાન છે. વસ્તુ તરીકે ભલે શ્રદ્ધા ઉપશમરૂપ હો, ક્ષયોપશમરૂપ હો, ક્ષાયિકરૂપ હો, પણ તેને જાણનારું જ્ઞાન ક્ષયોપશમજ્ઞાન છે. તેને જાણનારું ક્ષાયિકજ્ઞાન નથી. શું કહ્યું સમજાણું ? આહા..હા..! પરમાર્થે એ ઊપજતો પણ નથી એટલે શેમાં ? પર્યાયમાં ઊપજતો નથી, ઇ પર્યાયને વ્યય કરતો નથી. આહા..હા..!

'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં એમ કહ્યું કે, જે પર્યાય ઊપજે છે તેને ધ્રુવની અપેક્ષા

નથી. જાણવાની અપેક્ષાથી અહીંયાં જાણે છે એ આવ્યું એવું જ્ઞેય માટે અહીં જ્ઞાન એવું થાય છે, એવી અપેક્ષા નથી. જાણવાના જ્ઞાનમાં જે જણાવાયોગ્ય બરાબર સામે આવ્યું માટે તેને અહીં જાણે છે એટલી અપેક્ષાએ જ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ પણ નથી. આહા..હા..!

અહીંયાં એ કીધું, જુઓને ! આહા..હા..! એકદેશ વ્યક્તિરૂપ છે. ક્ષયોપશમજ્ઞાનની અપેક્ષાએ. ભલે ક્ષાયિક સમકિત થયું પણ જ્ઞાનની અપેક્ષાએ ક્ષયોપશમજ્ઞાનરૂપ છે. **'તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે સકળ નિરાવરણ અખંડ...'** આહા..હા..! ભગવાન આત્મા સકળ નિરાવરણ. સકળ નિરાવરણ, પૂર્ણ નિરાવરણ. અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. અખંડ છે અને એકરૂપ છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય. જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રતિભાસમય દેખાય–જણાય છે તેવો છે. **'અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ...'** શુદ્ધ પરિણામિક સહજ સ્વભાવ લક્ષણ **'નિજ પરમાત્મદ્રવ્ય...'** આહા..હા..! નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. પર તો નહિ, રાગ નહિ, પર્યાય નહિ. આહા..હા..! પર્યાય એમ જાણે છે કે સકળ નિરાવરણ અખંડ એક જ્ઞાનસ્વરૂપ અવિનશ્વર. પરમ **'પરિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું.'** પર્યાય કહે છે કે હું પર્યાય છું એમ પણ નહિ. આહા..હા..! આવી વાત છે.

**'નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું.'** તે જ હું છું. જે સકળ નિરાવરણ છે તે જ હું છું. એકાંત કરી નાખ્યું. કથંચિત્ આમ અને કથંચિત્ આમ, એમ ન નાખ્યું. જે **'સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય...'** જ્ઞાનની પર્યાયમાં તેવડો જ આખો ભાસે છે. આહા..હા..! એ પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય એવો ભગવાન આત્મા **'અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાન હું છું.'** ક્ષયોપશમજ્ઞાનરૂપે પણ હું છું એમ ભાવતો નથી, એમ કહે છે. આહા..હા..!

અહીં તો કીધું કે ક્ષયોપશમ જ્ઞાનમાં કે ક્ષાયિક જ્ઞાનમાં જણાય છે. જે છે તેમ જણાય છે. પણ છતાં ધર્મી ક્ષયોપશમજ્ઞાનને પણ ભાવતો નથી. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. આહા..હા..! આ ૩૨૦ ગાથા વંચાઈ ગઈ છે. ઘણા વ્યાખ્યાન થઈ ગયા છે. આ તો 'યોગીન્દ્રદેવે' પણ એમ કહ્યું છે કે ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। આહા..હા..!

એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ જ્ઞાન એને જ્ઞાનપ્રધાનતાથી આખા આત્માને લીધો. કારણકે તે પર્યાયમાં અનંતી પર્યાય અને દ્રવ્ય-ગુણ જણાય છે. એ પર્યાયને પણ હું ઉત્પન્ન કરું છું, એમ નહિ. આહા..હા..! એ પણ તે કાળે છે. છે તેને પણ હું જાણું છું. આહા..હા..! એમ અહીં કીધું. **'બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.'** નિર્જરા એ કરતો નથી, મોક્ષ કરતો નથી. ગજબ વાત છે. એને ઠેકાણે અહીં તો પરનું કરવું, દયા પાળવી, પરની દયા પાળવી, પરને મદદ કરવી, પરને.. કાંઈ કરી દે એ તદ્દન તત્ત્વ વિરૂદ્ધ છે. પણ હવે શું થાય ? વિશેષ પૂર્ણ થયું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)